Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૩૦ ● સળંગ અંક : ૧૦૧૯ ● પ્રકાશિત તા-૨૯-૬-૨૦૨૪,શનિવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### ક્યાંક બ્રિજ પર સળિયા દેખાયા, ક્યાંક નાળું ભરાયું તો કયાંક રોડ પાણી ભરાયા

## અમદાવાદ પર મેઘરાજા મહેરબાન, એક ઈંચ વરસાદે ભ્રષ્ટાચારની પોલ ખોલી

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS



અમદાવાદ : રાજયમાં વિધિવત ચોમાસાની શરૂઆત થઈ છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ ખાબક્યો હતો. ત્યારે આખા દિવસના બફારા અને ઉકળાટ બાદ શુક્રવારે સાંજે અમદાવાદમાં મેઘરાજાની પધરામણી થઈ હતી. જો કે આ અડધો ઈંચ વરસાદે ભ્રષ્ટાચારની પોલી ખોલી નાંખી છે. ૭૦ કરોડમાં બનેલા જલારામ બ્રિજના રોડના સળિયા દેખાઈ ગયા હતા. જ્યારે મકરબા હેડક્વાર્ટરમાં પાણી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત ઉજાલા સર્કલ પાસે રોડ બેસી જતા આઈશર ટ્રક ફસાતા તેને ક્રેનથી કાઢવી પડી હતી. પ્રાપ્ત રિપોર્ટ મુજબ શહેરના પશ્ચિમ વિસ્તારમાં તાજેતરમાં જ બે મહિના પહેલા ઉદ્ઘાટન કરવામાં આવેલા પાલડી જલારામ અન્ડરબ્રિજના ભ્રષ્ટાચારના પોપડા ઉખડી ગયા હોય તેમ રોડ તૂટી ગયેલો હતો અને એક સળીયા દેખાવા લાગ્યા છે. ૭૦ કરોડથી વધુના ખર્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રેલવે અને મેટ્રો દ્વારા સંયુક્ત રીતે આ અંડરબ્રિજ બનાવવામાં આવ્યો છે, પરંતુ તેની કામગીરીને લઈને હવે સવાલ ઊભા થયા છે.

શહેરમાં માત્ર અડધો ઈંચ વરસાદ પડતાની સાથે જ રાણીપના કાળીગામ ગરનાળામાં પાણી ભરાઈ ગયું હતું. ગટર અને વરસાદી પાણી મિક્સ થવાથી ખૂબ જ ગંદકી વાળા પાણીમાંથી લોકો અને પસાર થવું પડ્યું હતું. અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો અને વરસાદી પાણી ભરાતાની સાથે જ આખું ગરનાળું પાણી પાણી થઈ ગયું છે અને ગંદકી જોવા મળી રહી છે.

સાબરમતી ચીમનભાઈ બ્રિજ ઉપરથી કેશવનગર સેન્ટ્રલ જેલ તરફ જવાના રોડ ઉપર વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ તૂટી જવાના કારણે સીધું પાણી રોડ ઉપર પડ્યું હતું. જેના કારણે વાહનચાલકોને અવરજવરમાં તકલીફ પડી હતી.ભારે વરસાદના પગલે મકરબા હેડ ક્વાર્ટર પાસે પાણી ભરાઈ ગયા હતા અને ગટરના પાણી બેક મારતા રોડ પર પાણી પાણી થઈ ગયું હતું.

શહેરમાં સરખેજ, પ્રહ્લાદનગર, ઈસ્કોન, બોપલ, ગોતા, એસ.જી હાઈવે સહિત અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાથી પ્રસરી જવા પામી હતી. વરસાદના લીધે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે. એસ.જી હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત નહેરૂનગર, ઘાટલોડિયા, રાણીપ, વેજલપુર, વૈષ્ણવદેવી, લો ગાર્ડન, જમાલપુર, અંજલિ ચાર રસ્તા, પરિમલ ગાર્ડન, મેમનગર, શાસ્ત્રીનગર, પાલડી, લો-ગાર્ડન, નારણપુરા વરસાદ પડ્યો હતો.




SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓનો અભ્યાસ અટવાયો

# અમદાવાદમાં ૬૪ થી વધુ શાળાઓ થઈ સીલ

અમદાવાદઃ રાજકોટની આગની ઘટના બાદ અમદાવાદમાં શાળાઓની સીલ કરવાની કામગીરી હજુ પણ યથાવત છે. AMCની સીલીંગ કાર્યવાહીના ઘેરા પ્રતાપ પડ્યા છે. છેલ્લા બે દિવસમાં ૬૪થી વધુ શાળાઓ સીલ કરવામા આવતા શાળા સંચાલક મંડળ રોષે ભરાયું છે. શાળાઓ દર ૩ વર્ષે સ્ટ્રકચર એન્જીનિયરનુ સ્ટેબિલીટી સર્ટિફિકેટ રજૂ કરે તો તેવી શાળાઓને મંજૂરી આપવી રજૂઆત સાથે શાળા સંચાલક મંડળ મુખ્યમંત્રીને રજૂઆત કરશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ અમદાવાદ શાળા સંચાલક મંડળના હોદ્દેદારોની એક બેઠક મળી હતી. અમદાવાદમાં છેલ્લા બે દિવસમાં અંદાજીત ૬૪ જેટલી શાળાઓ અને પ્રિ-સ્કૂલને સીલ કરવામાં આવી છે ત્યારે શાળા સંચાલકોમાં રોષ ફાટી નિકળ્યો છે. સંચાલકોએ આ સમગ્ર મામલે તાત્કાલિક બેઠક બોલાવી શું કરી શકાય તેની ચર્ચા કરી હતી.આ બેઠકમાં કોર્પોરેશનના વલણ અને કામગીરી સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો અને આ બાબતે મુખ્યમંત્રીને રજૂઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યુ હતું કે, શાળાને જ્યારે પણ શિક્ષણ વિભાગ દ્વારા પરમિશન આપવામા આવે છે ત્યારે બીયુ પરમિશન, ફાયર એનઓસી અને ૩૦ વર્ષના ભાડા કરાર સહિતના ડોક્યુમેન્ટની ચકાસણી કરવામા આવે છે અને ત્યારબાદ પરમિશન આપવામા આવે છે, ત્યારે કોર્પોરેશન વિભાગે શાળાઓ મામલે કંઈક વિચાર કરવો જોઈએ. ભૂકંપ બાદ ૨૦૦૧ બાદ બીયુ પરમિશન અમલમાં આવી છે એટલે જે શાળાઓ ૨૦૦૧ બાદ બની છે તેમની પાસે બીયુ પરમિશન હોવું જોઈએ. જોકે જે શાળાઓ ૨૦૦૧ પહેલા બની છે તેમની પાસે બીયુ પરમિશન ન હોય તે સ્વભાવિક છે.

રાજકોટમાં થયેલા અગ્નિકાંડ બાદ અમદાવાદમાં ફાયર અને એસ્ટેટ વિભાગ હરકતમાં આવ્યુ છે અને શાળાઓ સામે બીયુ પરમિશન અને ફાયર એનઓસીને લઈને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## સ્કૂલવાન પરમીટ આપવામાં આરટીઓના ઠાગાઠૈયા

અમદાવાદ, સરકારી તંત્રમાં માનવ જીવનનું કોઈ મૂલ્ય નથી, એ હરણી બોટ દુર્ઘટના અને રાજકોટ અગ્નિકાંડથી સાબિત થઈ ગયું છે. આ બન્ને દુર્ઘટનાઓ બાદ લોકોમાં ભભૂકી ઉઠેલ રોષ જોઈને હવે સરકારના તમામ વિભાગ દોડતા થયા છે. છતાં સ્કૂલવર્ધી વાનવાળાનો દાવો છે કે ટ્રાફિક વિભાગ અને આરટીઓ હજુ પણ ઉંઘે છે. પરમીટની કામગીરી હજુ પણ ધીમી ગતિએ ચાલી રહી છે. સ્કૂલવાનની પરમીટ માટે ચાલકો આરટીઓના ધક્કા ખાઈ રહ્યા હોવા છતાં મંજૂરી નથી મળી રહી તેવા આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેરમાં અંદાજે ૧૫ હજારથી વધુ રિક્ષા અને વાનમાંથી માત્ર ૮૦૦ લોકો પાસે જ પરમીટ છે. જો દરરોજની ૫૦ પરમીટ જ ઈશ્યુ થતી હોય તો અન્યને મપરમીટ મળતાં ઘણો લાંબો સમય લાગી શકે છે. વાન અને રિક્ષા પાસે સ્કૂલવાન માટેની પરમીટ નથી તેનું કારણ વાન અને રિક્ષાચાલકો નહી ખુદ આરટીઓ છે તેવો આક્ષેપ થઈ રહ્યો છે. અમે પરમીટ માંગી રહ્યા છીએ, પણ અમને પરમીટ આપવામાં અત્યંત મોડું થઈ રહ્યું છે. આ આક્ષેપ સ્કૂલવર્ધી વાન એસોસિએશનનો છે. તેઓનું કહેવું છે આરટીઓ દંડની ડંડો ઉગામે છે ત્યારે આરટીઓમાંથી વાહનને પરમીટ આપવામાં જે ઠાગાઠૈયા થાય છે તે બાબતે આરટીઓ પોતે જ આંખ આડા કાન કરે છે. પરમીટના મામલે આરટીઓ ગોકળગાયની ગતિએ કામ કરે છે. અમદાવાદમાં અંદાજે રોજની માંડ ૫૦ પરમીટ ઈશ્યુ થાય છે તો અમારે ત્યાં સુધી શું દંડ જ ભર્યા કરવાનો ? નિયમ એવો છે કે પહેલાં વાનનું ટેકસી પાર્સિંગ કરાવવું પડે પછી જ તેને સ્કૂલવાન માટે પરમીટ મળે. જો સાત સીટની ગાડી હોય તો ૧૪ બાળકોની, પાંચ સીટની ગાડી હોય તો ૧૦ બાળકોની પરમીટ મળે છે. શહેરમાં દરરોજ આરટીઓ અને ટ્રાફિક વિભાગ અલગ અલગ વિસ્તારોમાં સ્કૂલવાન અને રિક્ષાઓનું ચેકિંગ હાથ ધરે છે. આ દરમિયાન દરરોજ ૧૦૦થી ૧૫૦ વાહનો સામે કાર્યવાહી પણ કરવામાં આવ્યા બાદ દંડ વસૂલવામાં આવે છે. બીજી તરફ ચેકિંગ કામગીરી ચાલતી હોવા છતાં સ્કૂલવાન અને રિક્ષાચાલકો વાન અને રિક્ષામાં ક્ષમતા કરતાં વધુ બાળકોને ભરી જઈ રહ્યા હતા. કાયદો તોડીને બાળકોનો જીવ જોખમમાં મૂકતા વાન અને રિક્ષાચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી વાલીઓની પણ માંગ ઉઠી છે.

## કેટલાંક શિસ્તબધ્ધ શાળાસંચાલકોની મનોવ્યથા

અમદાવાદઃ શિક્ષણ એટલે શિસ્ત, ક્ષમા અને કલાનો સંગમ. અને આ શિક્ષણનો વ્યાપ કરતી સંસ્થા એટલે શાળા. શાળા એ દરેક સમાજ તદ્ઉપરાંત દેશની અનિવાર્યતા છે. તેમ છતાં કયાંકને કયાંક દેશમાં કોઇ નરસી ઘટના બને એટલે શાળા અને સંચાલકો પર માછલા ધોવાની નીતિ એ સરકારશ્રી માટે જાણે હાથવગી છટકબારી છે.

કયાંક આગ લાગી એટલે તમારી શાળામાં ફાયરસેફટી હોય તો પણ શાળાનું વ્યવસ્થાપન છોડી સંચાલકે ડોક્યુમેન્ટ બતાવવા દોડવાનું. અરે! જે શાળાઓ ફાયરસેફટીના સાધન ન વસાવે અને એન.ઓ.સી. ના લે તેમને તમે પ્રશ્ન પૂછો પરંતુ જે નિયમાનુસાર કાર્ય કરે તેને શા માટે તમારે શિક્ષણકાર્યમાં અવરોધ ઊભો કરવો !

આતો માત્ર ફાયરસેફટીની વાત પરંતુ રોજેરોજ શાળા પાસે અનેક જાતના બિનજરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઇન અને ઘણીવાર ઓફલાઇન પણ મંગાવવામાં આવે છે, તેમાં બાળકોનું શિક્ષણકાર્ય ખોરંભે ચડે છે. જે સંસ્થા ખરેખર બાળકને ભણાવવા માગે છે અને બાળકોનું ઘડતર કરે છે, તેવી લીલી સંસ્થાઓએ રોજેરોજ અગ્નિપરીક્ષાઓ આપી આપી બાળકના ભણતરની આહૂતિ આપવી પડે છે. ફાયર એન.ઓ.સી. બતાવો, બી.યુ. પરમિશન લાવો, મેદાનના માપ આપો, વર્ગખંડ કેટલા છે તે જણાવો, શિક્ષકો ટ્રેઇન્ડ છે કે નહિ તે જાણ કરો. ચાલો આ બધા પ્રશ્ન જરૂરી છે તેમ માની લઇએ તો એકવાર વર્ષની શરૂઆતમાં તેના જવાબો મેળવી વાતને ઊંચી મૂકો, આ શું કે રોજ એક ડોક્યુમેન્ટ મંગાવવાની માનસિકતા થકી શાળાના શિક્ષણકાર્યમાં રોડા નાખવા.

શાળા અને શાળા સંચાલક એ દરેક બાળકની અનિવાર્યતા છે. દરેક બાળકને માતા-પિતા શાળામાં મૂકવા પોતે જાય છે અને કયાંક કોઇ ઘટના બને, તો દરેક શાળાને ગુનેગારની નજરથી જોવામાં આવે તે કેટલા અંશે યોગ્ય છે? આતો શાળા સંચાલકોમાં એકતાનો અભાવ છે; નહિતર જો ૨ દિવસ રીક્ષાવાળા માફક હડતાલ કરી દે તો, આખી વ્યવસ્થા દોડતી થઇ જાય. પરંતુ શાળાએ હંમેશા સમાજ અને બાળકને બને તેટલા સંસ્કાર અને શિક્ષણથી પોંખ્યા છે, કદાચ તે જ કારણ છે કે આજે પણ મોટાભાગે દરેક નાગરિક કોઇપણ ઉંમરના હોય તેમની શાળાના રીયુનિયનમાં શિક્ષક, આચાર્ય અને સંસ્થાને યાદ કરી ગર્વ અનુભવે છે.

## AMCએ બીયુ- ફાયર એનઓસીના કારણોસર વધુ ૩૯ યુનિટ સીલ કર્યાં

અમદાવાદ, રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના બાદ અમદાવાદ શહેર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બીયુ અને ફાયર એનઓસી ન હોય તેવી મિલકતો સીલ કરવા સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે શુક્રવારે સ્કુલ, ફુડકોટ સહિત ૩૯ યુનિટ સીલ કરવામાં આવ્યા છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના ઉ.પ., દ.પ., ઉત્તર, પૂર્વ, અને પશ્ચિમ ઝોનમાં શુક્રવારે ૧૨ પ્રિસ્કુલ, ૧૮ ફુડકોટ, ૧ સ્પોર્ટસ કલબ, તેમજ દક્ષિણ ઝોન વિસ્તારમાં ૮ ઈન્ડસ્ટ્રીયલ શેડને સીલ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા જે યુનિટ સીલ કરવામાં આવ્યા છે તેમાં ટ્વીકલ પ્રિ સ્કુલ - નિકોલ, રસમ રેસ્ટોરન્ટ - ગોતા, ખેતલાઆપા ટી સ્ટોલ- જગતપુર, રસરસ હોટલ- સોલા, માઉન્ટ એવરેસ્ટ ઈંગ્લીશ સ્કુલ- ઠક્કરબાપાનગર, ચાઈનીઝ ઢોસા- નરોડા, આલુપુરી જંકશન- નરોડા, કીડસ બઝ - રાણીપ, જોયા સીરામીકબહેરામપુરા, વાયએસ માર્કેટીંગ- બહેરામપુરા, આનંદ નિકેતન પ્રિ સ્કુલ- મણિનગરનો સમાવેશ થાય છે. રાજકોટ દુર્ઘટના બાદ બીયુ પરમીશન અને ફાયર એનઓસી ન હોય તેવા ૧૩ ગેમીંગ ઝોન, ૪૮ હોસ્પિટલ, ૧૩૮ સ્કુલ, ૨૨ ટયુશન કલાસ, ૨૫ સિનેમા, ૧૨૦ ફુડ કોટ, ૧૨ પાર્ટી પ્લોટ/ સ્પોર્ટસ કલબ તથા ૧૮૧ યુનીટ ઈન્ડસ્ટ્રીયલ શેડ મળી કુલ ૫૫૯ યુનિટને સીલ કરવામાં આવ્યા છે.

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....

અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.
ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## ‘RERA’નો વધુ એક મહત્વપૂર્ણ ચુકાદો

# બિલ્ડરે પ્રોજેકટમાં વચન આપ્યું હશે તો પાળવું પડશે

### રહેણાંક પ્રોજેકટોમાં વચન મુજબની સુવિધાઓ ન આપવા બદલ આકરૂ વલણ અપનાવતા ‘રેરા’એ એક કિસ્સામાં બિલ્ડર વિરૂદ્ધ ચુકાદો આપ્યો

ગાંધીનગર : સામાન્ય રીતે તમે જ્યારે ઘર લેવા જાઓ ત્યારે બિલ્ડરો તમને જાત જાતની લોભામણી જાહેરાતો કરતા હોય છે. સ્કીમના મકાનો વેચવા માટે બિલ્ડરો ખરીદારને અનેક પ્રકારની સુવિધાઓ આપવાના વચનો પણ આપતા હોય છે. પછી જ્યારે વ્યક્તિ ઉંચા પૈસા ખર્ચીને ઘર ખરીદે ત્યારે તેને યોગ્ય સુવિધાઓ આપવામાં આવતી નથી.આવા જ એક કિસ્સામાં રહેણાંક પ્રોજેકટોમાં વચન મુજબની સુવિધાઓ ન આપવા બદલ આકરૂ વલણ અપનાવતા ‘RERA’એ વડોદરાના વધુ એક કિસ્સામાં બિલ્ડર વિરૂદ્ધ ચુકાદો આપ્યો છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA)ની બેન્ચે રિયલ એસ્ટેટ ડેવલપરને વડોદરામાં શરૂ કરાયેલી રહેણાંક યોજનામાં લેન્ડસ્કેપ ગાર્ડન અને ક્રિકેટ પિચ આપવાનો આદેશ આપ્યો છે. ઓથોરિટીએ કેટલાક યુનિટ ધારકોને સાંભળ્યા બાદ આ નિર્ણય લીધો હતો જેમણે તેમની ફરિયાદો ઉઠાવી હતી કે ડેવલપરે સુવિધાઓ પૂરી પાડવાના તેમના વચનો પૂરા કર્યા નથી.

આ મુદ્દો વડોદરાના ન્યૂ અલકાપુરી વિસ્તારમાં આવેલા પ્રથમ બ્લુટ્સ પ્રોજેક્ટનો ટાવર ભાગ પારિજાત નામની રહેણાંક યોજના સાથે સંબંધિત હતો. પારિજાતના રહેવાસીઓ વતી હિરેન ચોકસીએ ઓથોરિટી સમક્ષ ફરિયાદ કરી હતી કે ફરિયાદીઓએ સ્કીમમાં ફ્લેટ બુક કરાવ્યા છે અને વેચાણ દસ્તાવેજો કર્યા બાદ તેનો કબજો મેળવ્યો છે.

જોકે, ડેવલપર પ્રથમ પ્રોપર્ટીઝે જેકુઝી, લેન્ડસ્કેપ ગાર્ડન, સાધનસામગ્રી સાથેનું વ્યાયામશાળા, ક્રિકેટ પીચ, સોના સ્ટીમ બાથરૂમ, ઓટો કટ ફાયર સિસ્ટમ આપી નથી. તેમજ ડ્રેનેજ લાઇનની ઉપર બાંધવામાં આવેલ પાર્કિંગની જગ્યા અયોગ્ય રીતે ફાળવાઇ છે. તેઓએ તેમના દાવા સાથે ફોટોગ્રાફસ અને સંબંધિત દસ્તાવેજો પણ સબમિટ કર્યા હતા.

દરમિયાન, ડેવલપરે શરૂઆતમાં તમામ આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ આખરે કેટલીક સુવિધાઓ આપવા માટે સંમત થયા હતા.અગાઉ તેઓએ રજૂઆત કરી હતી કે જ્યારે એપાર્ટમેન્ટ રહેવાસીઓને સોંપવામાં આવ્યું ત્યારે કેટલીક સુવિધાઓ કાર્યરત હાલતમાં હતી. જોકે બાદમાં તેમને વિસ્તૃત બગીચો બનાવવા અને બ્રોશરમાં આપેલા વચન મુજબ ક્રિકેટ પિચ આપવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

તેથી તમામ પક્ષોને સાંભળ્યા પછી, એમ.એ. ગાંધી અને ડો. એમ.ડી. મોડિયાની બનેલી ગુજરેરા બેન્ચે (RERA) ચુકાદો આપ્યો કે ડેવલપરે બે સુવિધાઓ પૂરી પાડી નથી. તેથી ફરિયાદો વાજબી છે અને વિકાસકર્તાને ૩ મહિનામાં લેન્ડસ્કેપ ગાર્ડન અને ક્રિકેટ પીચની સુવિધા આપવા ઉપરાંત ખર્ચ તરીકે રૂ.૫૦૦૦ આપવાનું કહેવામાં આવ્યું હતું. અન્યથા ફરિયાદીઓ આદેશનું પાલન ન કરવાના કિસ્સામાં નિર્ણાયક અધિકારી સમક્ષ અરજી દાખલ કરવા માટે સ્વતંત્ર હશે.

### બિલ્ડરો પર સકંજો, રેરાના આ ચુદાદાથી લાખો રહીશોને થશે ફાયદો

અમદાવાદ : અમદાવાદ સહિત સમગ્ર રાજયભરમાં લાખો રહીશોને આ ચુકાદાથી રાહત થશે, કારણ કે બિલ્ડરો દ્વારા સ્કીમની શરૂઆતમાં જે સુવિધાઓ જેના મોટા ઉપાડે બિલ્ડરે બેનરો લગાવ્યા હોય છે, જે સુવિધાઓ આપવાનું વચન આપ્યું હોય છે બાદમાં સુવિધાઓ આપવામાં આવતી નથી. આમ, સીધી રીતે ખરીદાર પાસે પૈસા લઈને બિલ્ડરો છેતરપિંડી કરતા હોય છે.આ પ્રકારના કિસ્સાઓમાં બિલ્ડરો હવે ખરીદનાર ગ્રાહકને છેતરી શકશે નહીં, અને જો છેતરવાનો પ્રયાસ કરશે તો ખરીદનાર ગ્રાહક રેરામાં ફરિયાદ કરી શકશે.


એક ચર્ચા મુજબ નવા વાડજ, નિર્ણયનગર અને નારણપુરા સહિતના વિસ્તારોમાં અનેક જુની સ્કીમોમાં રિડેવલપમેન્ટનું કાર્ય ચાલી રહ્યું છે.જેમાં કેટલીક સ્કીમોમાં પજેશન પણ અપાઈ ગયા છે.આવી રિડેવલપમેન્ટની સ્કીમોમાં મોટેભાગે બિલ્ડરો છેતરપિંડી કરતા હોય છે, સ્કીમ શરૂ કરવા માટે પહેલા મોટી મોટી વાતો કરીને રહીશોને લાલચ આપીને સ્કીમ કરી લેતા હોય છે પરંતુ છેલ્લે બિલ્ડર અને રહીશો વચ્ચે દ્વારા કરાયેલ એમઓયુ મુજબ પાર્કિંગ, સોલર સિસ્ટમ જેવી અનેક સુવિધાઓ નહીં આપીને છેતરપિંડી કરતા હોય છે, આખરે રહીશોને બિલ્ડરની ઓફિસના આંટાફેરા ખાવાનો વારો આવે છે ત્યારે આવા કિસ્સાઓમાં રહીશોએ રેરામાં ફરિયાદ કરવી જોઈએ.

## અમદાવાદના આ બે રમતવીરોને પ્રોત્સાહન

# DGPના હસ્તે પોલીસ પુત્રને વેલફેર ફંડમાંથી ખેલ પ્રોત્સાહન સ્કોલરશીપ







અમદાવાદ : ૨૦૧૭થી ફૂટબોલની રમતને અર્જુન માફક લક્ષ્ય રાખીને રમતમાં કૌવત બતાવનારા નીલ લીલાધર ચાંદેકર અને માહીન યશવંતભાઈ પટેલને ફૂટબોલની સ્થાનિક કક્ષાથી લઈ રાજયકક્ષાએ ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ આપીને ફૂટબોલની રમતમાં તેઓએ મેળવેલી સિદ્ધિઓને અનુલક્ષીને અને ભવિષ્યમાં ઈન્ટરનેશનલ કક્ષાની સ્પર્ધાઓ માટે કુશળતા કેળવી શકે તેવા હેતુસર રાજ્યના DGPના હસ્તે સેન્ટ્રલ પોલીસ વેલ્ફેર ફંડમાંથી અનુક્રમે રૂ.૨ લાખ અને રૂ.૧ લાખની ખેલ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ ફાળવવામાં આવી હતી.

રમત ગમતને સમર્પણ આપનાર આજનું એક સામાન્ય બાળક તેના જીવનમાં તે રમત ક્ષેત્રે કારકિર્દી બનાવવાની ખેવના કરે, તો તેના માતા પિતાનો તેની પાછળ અપાયેલ સમયનો ભોગ, તે બાળક જે સંસ્થામાં ભણે છે તેનો સહકાર અને તેને તે રમત માટે તૈયાર કરનાર એકેડમીને બિરદાવવી પડે.આવો જ એક જીવંત દાખલો એટલે નીલ લીલાધર ચાંદેકર, જેના પિતા હાલ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)માં ફરજ બજાવે છે..

અનંત સ્કૂલ ઓફ એક્સિલન્સમાં અભ્યાસ કરીને સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડમીમાં મયંક સેલર નાઓના કોચિંગ હેઠળ ફૂટબોલની ની તાલીમ લેનાર નીલ છેલ્લા ૭ વર્ષથી ફૂટબોલની રમતને અર્જુન માફક લક્ષ્ય રાખીને સાધી રહ્યો છે. ૨૦૨૩માં બંગાળમાં રમાયેલ ’સબ જુનિયર બોયસ નેશનલ ફૂટબોલ ચેમ્પિયન શીપ’ માં નીલે ગુજરાતની ટીમનો હિસ્સો બનીને ઉલ્લેખનીય પર્ફોર્મન્સ આપેલ છે. આ સિવાય ગયા જ વર્ષે ઝારખંડમાં રમાયેલ ૬૭ મી નેશનલ ગેમ્સ ૨૦૨૩-૨૪ ફૂટબોલ boys U-૧૪ માં પણ નીલે ગુજરાતની ટીમને વિશેષ યોગદાન આપેલ છે.

બાળકની આવી લગન અને રમત જોઈને ગુજરાત રાજ્યના પોલીસ વિભાગના વડા વિકાસ સહાયજીએ પોલીસ વેલ્ફેર ફંડમાંથી તેજસ્વી રમતવીરો નીલ ચાંદેકરને ખેલ પ્રોત્સાહન સ્કોલરશીપ અંતર્ગત રૂ.૨ લાખ તથા માહીન યશવંતભાઈ પટેલને રૂ.૧ લાખ રૂપિયાના ચેક આપી એક ઉત્કૃષ્ટ પ્રોત્સાહક ઉદાહરણ પૂરું પાડ્યું. આ નાણાંકીય સહાય ઈન્ટરનેશનલ સ્પર્ધાઓ માટે તૈયારી કરવામાં ખૂબ મદદરૂપ બનશે.

નીલ અને માહિન જેવા બાળકો આજના તેમની ઉમરના બાળકો માટે આઈડલ સમાન છે.કદાચ એમને અનુસરીને પણ ફૂટબોલ જેવી રમતને ઉત્કૃષ્ટ ખેલાડી મળશે અને આવા ઉજ્જવળ ભાવિ માટે પ્રયાસ કરનાર ખેલાડીને ફૂટબોલની રમતનો ખોળો..

Digital India Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ

## પંજાબી શાકમાંથી 'વંદો', અથાણાંથી 'ગરોળી' અને ઠંડાપીણાંમાંથી 'કાનખજૂરો' નીકળ્યા

# અમદાવાદમાં ખાણીપીણીની ચીજવસ્તુઓમાંથી ફૂડ લવર્સમાં રોષ..!!

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ: અમદાવાદની નામાંકિત અને હાઈ ફાઈ હોટલ્સની ફૂડ આઈટમમાંથી જીવાત નીકળવાના કિસ્સા સતત વધી રહ્યા છે. પીઝા, પાસ્તા, કોલ્ડડ્રિંકસમાંથી જીવાતો નીકળવાના સમાચારો અગાઉ સામે આવ્યા છે.આપણે વિચાર્યું પણ ના હોય તેવી અજીબોગરીબ વસ્તુઓ નીકળી રહી છે.છેલ્લાં કેટલાય સમયથી દેડકો, વંદો જેવા વસ્તુઓ નીકળ્યા બાદ હવે અથાણામાંથી ગરોળી અને ઠંડાપીણાંમાંથી કાનખજુરો નીકળ્યાની ઘટનાઓ અમદાવાદમાંથી સામે આવી છે.જેને કારણે શહેરના ફૂડ લવર્સમાં રોષ ફેલાઈ રહ્યો છે.

અમદાવાદમાં નરોડાની હોટલમાં જમવામાં આવેલા લોકોને કડવો અનુભવ થયો છે. નરોડામાં આવેલ મયુર હોટલમાં જમવા ગયા હતા. જયારે તેઓએ જમવાનું મંગાવ્યું તો તેમાંથી મરેલો વંદો નીકળ્યો હતો જે બાદ ગ્રાહકે તેનો વીડિયો બનાવ્યો અને તે હાલ વાયરલ થઇ રહ્યો છે.આ હોટલના જમવાની થાળીમાં વંદો નીકળતા ચકચાર મચી ગઈ છે.

અમદાવાદના આનંદનગરમાં રહેતા જોધપુરના રાવલ ફેમેલીને ખુબ ખરાબ અનુભવ થયો છે. ગૃહઉદ્યોગમાંથી લાવેલા અથાણામાંથી ગરોળી નીકળી છે.ગત ૨૮ મેં ના રોજ વેજલપુરના શ્રેયસ કોમ્પલેક્ષમાં આવેલા જૈન ગૃહઉદ્યોગ માથી અથાણું ખરીદ્યુ હતું.અથાણું દરરોજ થોડું થોડું વપરાશમાં લેવાતું હતું ત્યારે ગઈકાલે અથાણું ખતમ થવા આવતા બરણીની આખરમાં આખી નાનકડી ગરોળી નીકળી હતી.જણાવી દઈએ કે, અથાણાંના દરરોજના વપરાશના કારણે છેલ્લે એક મહિનાથી પરિવારને ઝાડ ઊલટીની અસર થઈ છે.

તો બીજી બાજુ સરખેજના પાન પાર્લરમાંથી લીધેલી ઠંડા પીણાની બોટલમાંથી કાનખજુરો નીકળ્યો હોવાનો અહેવાલ સામે આવ્યા છે. ગ્રાહક દ્વારા વિડીયો બનાવીને વાયરલ થતા હકીકત સામે આવી છે.ગ્રાહકે સરખેજમાં આવેલ ગંજ પાન પાર્લરમાંથી બોટલ લીધી હતી. આ ઠંડુ પીણું પીધા પછી તબિયત લથડી હોવાનો ગ્રાહકે દાવો કર્યો છે. મહત્વનું છે કે, હાલ તો AMCએ વિડીયોની આધારે પાન પાર્લર સીલ કર્યુ છે.

આ અગાઉ શહેરના નિકોલ વિસ્તારમાં દેવી ઢોંસા નામની રેસ્ટોરન્ટમાંથી સંભારના જગમાંથી તેમણે વાટકીમાં જ્યારે સંભાર કાઢ્યો ત્યારે એમાં ઉંદરનું બચ્ચું નીકળ્યું હતું, જેના કારણે તાત્કાલિક તેમણે રેસ્ટોરન્ટમાં હાજર વ્યક્તિને બોલાવી અને બતાવ્યું હતું. ખાણી-પીણીની ચીજવસ્તુઓમાંથી આ રીતે ઉંદરનું બચ્ચું નીકળ્યું હોવાથી AMCના ફૂડ વિભાગની ટીમને પણ ફરિયાદ કરી હતી.

સ્ટેન્ડિંગ કમિટીએ વિવિધ વિસ્તારમાં ચાલતા રાત્રિ ખાણીપીણી બજારમાંથી ખાદ્યપદાર્થના સેમ્પલ લેવાની અધિકારીઓને સૂચના આપી છે. અત્યારે આરોગ્ય વિભાગની ટીમ તપાસ કરે છે પણ તેને વધુ અસરકારક બનાવવા કહ્યું છે. જેથી લોકોને વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ ભોજન મળી શકે.

# રિવરફ્રન્ટ પર સરકારી ઓફિસ બિલ્ડિંગમાં રેસ્ટોરન્ટ બનશે, નિર્ણય કેટલો યોગ્ય ?

અમદાવાદ : અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર વલ્લભ સદન નજીક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પર રિવરફ્રન્ટ હાઉસ બનાવવામાં આવ્યું છે. રિવરફ્રન્ટ હાઉસના ટોપ ફ્લોર પર હવે રેસ્ટોરન્ટ જોવા મળશે. સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશન દ્વારા આ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.


પ્રાપ્ત રિપોર્ટ મુજબ સાબરમતી રિવરફ્રન્ટ પર બનાવવામાં આવેલું રિવરફ્રન્ટ હાઉસ પાંચ માળનું છે. જેમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને બુલેટ ટ્રેનની ઓફિસ આવેલી છે. પાંચમો માળ બનાવવામાં આવ્યો છે. ટોપ ફ્લોર પરનો ભાગ ખુલ્લો છે અને ત્યાં બાંધકામ પણ કરવામાં આવેલું નથી. જેથી સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા પાંચમા માળને માત્ર રેસ્ટોરન્ટ માટે જ ભાડે આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. માસિક ૨૨.૩૮ લાખ (મેન્ટેનન્સ અને વધારાના ટેક્સ સિવાય)નું લઘુતમ ભાડું નક્કી કરવામાં આવ્યું છે. જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનને વાર્ષિક અંદાજિત ૩ કરોડ રૂપિયાની આવક થઈ શકે છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન હવે કરોડો રૂપિયાની આવક ઊભી કરવા માટે જયાં સરકારી ઓફિસો આવેલી છે તેવા જ સ્થળ પર ટોપ ફ્લોર પર માત્ર રેસ્ટોરન્ટ અથવા ચેઈન ઓફ રેસ્ટોરન્ટ માટે જ ભાડે આપવા અંગે નિર્ણય લેવામાં આવતા અનેક સવાલ ઊભા થયા છે. ભાડેથી રેસ્ટોરન્ટ ચલાવવાના આપવામાં આવેલ ટેન્ડરની શરતમાં એક શરત એવી મૂકવામાં આવી છે કે, રિવરફ્રન્ટ હાઉસમાં સરકારી અને અર્ધ સરકારી ઓફિસો આવેલી છે. પરિણામે ઓફિસ છે તો ત્યાં ખલેલ ન પહોંચે તેવી પણ શરત રાખવામાં આવી છે.

રિવરફ્રન્ટ હાઉસમાં બુલેટ ટ્રેન, આરબીઆઈ કોર્પોરેશન સહિતની ઓફિસો આવેલી છે ત્યારે રેસ્ટોરન્ટમાં આવતા લોકોને કારણે લોકોની અવર-જવર વધતા સરકારી ઓફિસોના કામકાજ પર અસર થઈ શકે છે. સરકારી કચેરીઓ હોય ત્યાં રેસ્ટોરન્ટ બનાવવાનો નિર્ણય કેટલો યોગ્ય છે?









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.